હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



એમ બે માળીયા સાફ કરીને થાકી જાવ એ ન ચાલે, હવે હું જે મીઠાઈ બનાવું તે છીણી હથોડીથી થાળીમાંથી ઉખાડીને ડબ્બામાં ભરવાની છે...!!

અમદાવાદના વેપારીને ગાંધીનગરમાં ચાર દિવસ ગોંધી રાખી પાંચ લાખની માંગ

ગાંધીનગર, તા.૩૧

અમદાવાદ વેજલપુરના યુવકને સોશ્યલ મિડીયાના માધ્યમથી પરિચયમાં આવેલી ગાંધીનગરની યુવતિએ વાવોલ ફલેટમાં બોલાવી ત્રણ સાગરીતો સાથે મળીને કાવતરુ રચી ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી રૂ.૫ લાખની ખંડણી માંગી યુવકને ચાર દિવસ સુધી રૂમમાં ગોંધી રાખ્યો હતો. બનાવ અંગે સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ તેજ કરી છે.

અમદાવાદના વેજલપુર ખાતે રહેતા અને દુધ તેમજ મિઠાઈનું પાર્લર ધરાવતા મહેન્દ્રસિંહ સિસોદીયાને બે માસ અગાઉ તેમના ઈન્સ્ટ્રાગામ પરથી હિના રાવ નામની યુવતિનો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ બંન્ને વચ્ચે મિત્રતા બંધાતા વાતચીત શરુ થઈ હતી. ત્યારબાદ વીસ દિવસ પહેલા હિનાએ મહેન્દ્રસિંહને વાવોલ સ્વર્ણિમ સોસાયટી ફલેટ નં. આઈ-૮૦૧ ખાતે મળવા માટે બોલાવતા તેઓ આવી પહોંચ્યા હતા. તે સમયે હિના તેને ધાબા પર લઈ ગઈ હતી અને મિત્રતા કેળવવાની વાતો કરતી હતી. બાદમાં મહેન્દ્ર ઘરે પરત જતો રહ્યો હતો. ત્યારબાદ એ જ રીતે પાંચ દિવસ પછી હિનાએ બોલાવતા મહેન્દ્ર પાછો વાવોલ હિનાના ઘરે આવ્યો હતો.

હિનાના ઘરે મહેન્દ્રસિંહ આવતા હિનાએ તેના પતિ દુબઈ અને દિકરી સાસુ સસરા જોડે રહેતી હોવાની વાત કરી હતી. થોડા સમય સુધી પ્રેમાલાપ કર્યા પછી મહેન્દ્ર પરત અમદાવાદ જતો રહ્યો હતો. પરંતુ બંન્ને વચ્ચે મળવા માટેનો સિલસિલો શરુ થઈ ગયો હતો. ગત તા.૨૫ મી ઓકટોબરના રોજ મહેન્દ્ર હીનાના ઘરે બોલેરો જીપ લઈને આવ્યો હતો. તે સમયે ઘરમાં કોઈ હાજર ન હતું. તે સમયે ઘરમાં કોઈ હાજર ન હોવાથી તેઓ બંન્ને પ્રેમભરી વાતચીત કરી રહ્યા હતા. તે સમયે ડોરબેલ વાગતા હીના ગભરાઈ ગઈ હતી અને મહેન્દ્રને બીજા રૂમમાં સંતાડી દઈ બહારથી દરવાજો બંધ કરી દીધો હતો. થોડીવારમાં હીના સાથે બે ઈસમો રૂમમાં ધસી આવ્યા હતા અને તુ કોણ છે તેમ કહી પટ્ટા અને ગડદાપાટુનો માર માર્યો હતો. આ બે શખ્સોએ મહેન્દ્રના બે મોબાઈલ ફોન અને શર્ટમાંથી રૂ.૩ હજાર સહિત ગાડીની ચાવી પણ લઈ લીધી હતી. ત્યારબાદ કહ્યું હતું કે "મારી બહેન સાથે જબરજસ્તી કરી છે, હવે તારી પર કેસ દાખલ થશે" જેને પગલે મહેન્દ્રએ ઈન્કાર કરતા ફરીવાર તેને લાતો મારીને નીચે ફેંકી દેવાની ધમકી આપતા મહેન્દ્ર ગભરાઈ ગયો હતો. મહેન્દ્રને દોરીથી બાંધી દઈને રૂમમાં પુરીને તેઓ બહાર નીકળી ગયા હતા. થોડીવાર પછી શખ્સોએ હીના સાથે જબરજસ્તી કરી છે તેવા કેસથી બચવુ હોય તો પાંચ લાખની માંગ કરી હતી. ત્યારે રૂપીયાની ના પાડતા મહેન્દ્રને ફરીવાર માર્યો હતો અને રૂ. બે લાખની વ્યવસ્થા કરવા માટે ધમકીભર્યા સ્વરે કહેતા તેને તેના ભાઈને કોલ કર્યો હતો. મહેન્દ્રના ભાઈ તેજવીરને એક શખ્સે વિક્રમસિંહ ચૌહાણ તરીકે ઓળખ આપી કહ્યું કે "તમારો ભાઈ છોકરીના ચક્કરમા પડ્યો છે."જેને છોડાવવો હોય તો બે લાખની વ્યવસ્થા કરો બધુ મારા હાથમાં છે. મહેન્દ્રએ કોઈ વ્યકિતને ઘરે મોકલો મારો ભાઈ એક લાખ રૂપીયા આપશે તેમ કહ્યું હતું. પરંતુ પોલીસની ખોટી ઓળખ આપનાર વિક્રમસિંહે એમ વાત નહી બને તેમ કહીને મહેન્દ્રને પરત રૂમમાં પુરી દીધો હતો. ત્રણ દિવસ સુધી મહેન્દ્રને ગોંધી રાખ્યો હતો. જયારે ચોથા દિવસે કોર્ટમાં જવાની વાત કરી તા.૨૮ ના રોજ વિક્રમસિંહ આવ્યો હતો અને કહ્યું કે આજે તને કોર્ટમાં લઈ જઈશું, તારી ગાડી તારા ભાઈને મોકલી આપવી છે. તારા સગા તને છોડાવી લેશે.તે દરમિયાન વિક્રમસિંહ અને તેમની સાથે રહેલ શખ્સ રૂમની બહાર નીકળ્યા હતા અને રૂમનો દરવાજો ખુલ્લો હતો. ત્યારે વિક્રમસિંહે પાણીનો ગ્લાસ લાવવા માટે કહેતા મહેન્દ્ર બીજા રૂમમાં ગયો હતો. આ સમયે મુખ્ય દરવાજો ખુલ્લો રહેતા તે મોકો જોઈને ઘરની બહાર દોડી જઈને દરવાજો બંધ કરી દઈને નીચે ઉતરી ઘરે જતો રહ્યો હતો. ઘરે જઈને પિતા-ભાઈને હકીકત કહી હતી.પરંતુ તે સમયે ફરીયાદ કરી ન હતી. જો કે તા.૨૯ ના રોજ મહેન્દ્રના ભાઈ પર કોલ આવ્યો હતો અને કાર સીટીએમ પાસે પડી હોવાનું જણાવ્યું હતું. જેથી કાર લઈ આવ્યા હતા અને મહેન્દ્ર તેના મામા સાથે આવી સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ઘ-રોડ પર બનાવવામાં આવેલ અન્ડરપાસમાં જાળી પુનઃ ખુલી જતાં વહેલી પરોઢે તંત્ર દ્વારા તે દુરસ્ત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.
- પર્વાધિરાજ દિપોત્સવીને આડે હવે ગણતરીના દિવસો રહેતાં છેલ્લી ઘડીએ ઘરાકી નીકળી છે. ગાંધીનગરના બજારોમાં સે. ૨૧ અને સે. ૨૪માં ભારે ભીડ જામી હતી.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- દહેગામ શહેર ભાજપ સંગઠનના પ્રમુખને જિલ્લા ભાજપ પ્રમુખે ટપારતાં શહેરના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.
- ૪૦મા ચૌધરી વિલેજ કપ ક્રિકેટ ટૂર્નામેન્ટનો દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણે આરંભ કરાવ્યો છે. આ ટૂર્નામેન્ટનો આરંભ બલરાજસિંહે બેટીંગના રંગમાં કરાવ્યો તો શિક્ષણ સમિતિના ચેરમેન નાથુભાઈ વિકેટકીપીંગના મૂડમાં દેખાતા રાજકીય વાતાવરણમાં નવી અટકળો થતી સાંભળવા મળી હતી.
- ૧૩ ગામ લેઉઆ પાટીદાર સમાજ સાંસ્કૃતિક હોલ ગલુદણ મુકામે સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ દાતા રામભાઈ પટેલ હાથીજણના સહયોગથી સંપન્ન થયુ. આ પ્રસંગે હિતેન્દ્ર પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.
- શહેરમાં જાહેર પાર્કિંગની વ્યવસ્થા અંગે તંત્રના ઉદાસીન અભિગમને લઈ લોકોમાં આ મુદ્દો ચર્ચાનો મુદ્દો બન્યો છે.
- એસ.એસ.આઈ.ટી. ભાટ ખાતે યોજાયેલ વેસ્ટ ઝોન ઈન્ડિયા રીજીયોનલ સ્કીલ કોમ્પીટીશનમાં પાંચ રાજ્યોના ૪૧ સ્પર્ધકોએ ભાગ લીધો છે.

અજમેરથી બાઈક ચોરીને આવતા શખ્સને એલસીબી પોલીસે ઝડપ્યો

રાજસ્થાનના અજમેર રામસર આઈઓસી કંપનીમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો શખ્સ મિત્રની મદદથી બાઈક ચોરીને ગાંધીનગર આવે તે પહેલા જ એલસીબી પોલીસના હાથે ઝડપાઈ ગયો છે. જયારે પોલીસે યુવક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ખાત્રજ થી વડસર જતા માર્ગ પર સાઈડમાં બાઈક સાથે ઉભા રહેલા શખ્સની પ્રવૃતિ શંકાસ્પદ જણાઈ હતી.જેથી ટીમના સભ્યો તાત્કાલીક બાતમીવાળી જગ્યા પર પહોંચી જઈને પેશન પ્રો બાઈક સાથે દિપક ધર્મેન્દ્ર શાહ (રહે. સત્સંગ રેસીડેન્સી કલોલ)ને પકડી પાડ્યો હતો.

નર્મદા નિગમનો ડેપ્યુટી ઓડીટર બે હજારની લાંચ લેતા ઝડપાયો

પગાર બાંધણીના કામના પતાવટ માટે બે હજારની લાંચની માંગ કરી હતી

ગાંધીનગર, તા.૩૧

નવા સચિવાલય સરદાર સરોવર નર્મદા નિગમનો ડેપ્યુટી ઓડીટર પૂર્વ કર્મચારી પાસેથી પગાર બાંધણીનું કામ પૂર્ણ કરવા માટે રૂ.૨ હજારની લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયો છે. પોલીસે ઓડીટર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના ખ-૫ પાસે આવેલી નોંધણી સર નિરીક્ષકની કચેરી ખાતે લગ્ન શાખાનો કલાર્ક રૂ.૨૫૦૦ લેતા રંગેહાથ ઝડપાયો હતો. ત્યારબાદ વધુ એક કર્મચારી એસીબીની ઝપટે આવતા સરકારી કચેરીઓમાં સોંપો પડી ગયો છે.નવા સચિવાલય સરદાર સરોવર નર્મદા નિગમના કર્મચારી ચાર માસ પહેલા વય નિવૃત થયા છે. નિવૃતિ પછી મળતા લાભો તેમજ પગાર બાંધણી લગતી કામગીરી માટે તેઓ કચેરી આવન-જાવન કરતા હતા. ત્યારે પગાર

બાંધણીના કામ માટે તેઓ નવા સચિવાલય બ્લોક નં.૧૨ ત્રીજો માળ રૂ.૨૦૭માં બેસતા નાયબ ઓડીટર પ્રકાશ પોપટલાલ દરજી પાસે ગયા હતા. નાયબ ઓડીટર પ્રકાશ દરજીએ કચેરીના જ નિવૃત કર્મચારી પાસેથી પગાર બાંધણીનું સ્ટીકર આપવાની અવેજીમાં રૂ.૨ હજારની લાંચ માંગી હતી. જેથી લાંચની રકમ પૂર્વ કર્મચારી આપવા માંગતા ન હતા. જેથી તેઓએ એસીબી સમક્ષ નાયબ ઓડીટર સામે ફરીયાદ કરી હતી. ફરીયાદને પગલે અમદાવાદ એકમના નાયબ એસીબીના મદદનીશ નિયામક કે.બી.ચુડાસમાના સુપરવિઝન હેઠળ પીઆઈ સી.યુ.પરેવા સહિતના સ્ટાફે જરુરી પંચને સાથે રાખી નિગમની કચેરી ખાતે ટ્રેપ ગોઠવી હતી. એ સમયે નિવૃત કર્મચારી સાથે વાતચીત કર્યા બાદ ઓડીટર પ્રકાશ દરજીએ લાંચની રકમ ટેબલના ખાનામાં મુકાવતા જ એસીબીની ટ્રેપમાં આબાદ રીતે ફસાઈ ગયા હતા. એસીબી એ પ્રકાશ દરજીને પકડી આગળની તપાસ હાથ ધરી છે.

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની જન્મ જયંતિએ રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતેના બીએસએફ યુનિટ દ્વારા પાંચ કિમીની "રન ફોર યુનિટી"નું આયોજન કરાયું હતું. આ દોડમાં બીએસએફના ૧૦૦ કર્મચારીઓએ ભાગ લીધો હતો જેમને ગુજરાત ફ્રન્ટિયર યુનિટના ડીઆઈજી-પીએસઓ ઈપન પીવીએ લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરાવ્યું હતુ.

સરદાર પટેલની ૧૪૬મી જન્મ જયંતિ નિમિત્તે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર, ડે. મેયર, સ્ટે. ચેરમેન તેમજ તેમની ટીમ દ્વારા સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ અવસરે મનપાના કોર્પોરેટરો અને વસાહતીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

શેરી શિક્ષણમાં વિદ્યાર્થીઓએ બનાવ્યા દિવાળી કાર્ડ

ગાંધીનગર, તા. ૩૧

રામાજીના છાપરા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ શેરી શિક્ષણમાં દિવાળી કાર્ડ બનાવ્યા હતા. જેનું માર્ગદર્શન ધર્મેશ ગજજરે આપ્યું હતું. આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત "જોયફૂલ સેટરડે"માં 'દિવાળી કાર્ડ' બનાવતા વિદ્યાર્થીઓને શીખવ્યું હતું. સાથે સાથે તહેવારનું જીવનમાં મહત્વ, તહેવારમાં ધ્યાન રાખવાની બાબતો, કોવિડના નિયમોનું પાલન રાખવાનું, વેકેશનમાં આનંદ સાથે અભ્યાસ પણ ચાલુ રાખવા જણાવ્યું હતું.

સેકટર-૧૫ ગ્રાઉન્ડમાંથી મળી આવેલી સોનાની વીંટી જવાને મુળ માલિકને પરત કરી

ગાંધીનગર, તા.૩૧

રાજય પોલીસ વિભાગ દ્વારા પોલીસ ભરતીની જાહેરાત થતા જ શહેરી-ગ્રામ્ય વિસ્તારના યુવાનો પોલીસ તંત્રમાં જોડાવવા માટે ગ્રાઉન્ડ પર પસીનો પાડી રહ્યા છે. ત્યારે શહેરની સેકટર-૧૫ કોલેજ ગ્રાઉન્ડ ખાતે પણ મોટીસંખ્યામાં ઉમેદવારો પ્રેકટીકલ માટે આવે છે. ત્યારે ગાંધીનગર પોલીસ બેડામાં ફરજ બજાવતા દિગ્વિજયસિંહ હરીસિંહ રાઠોડને ગ્રાઉન્ડ પરથી સોનાની વીંટી મળી આવી હતી. ત્યારે ઈમાનદાર પોલીસ જવાને મુળ માલિકને શોધીને વીંટી પરત આપીને નૈતિકતાની ફરજ નિભાવી હતી.

મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા દોલારાણા વાસણા ગામના યુવાનોને છેલ્લા ૮ મહિનાથી આર્મીમેન દ્વારા ટ્રેનીંગ આપવામાં આવી રહી છે. દર રવિવારના રોજ

યુવાનોનું પ્રેકટીકલ અને જ્ઞાનની કસોટી માટે લેખિત પરિક્ષા લેવામાં આવે છે. ત્યારે સેકટર-૧૫ સરકારી કોલેજ ગ્રાઉન્ટ ખાતે પ્રેકટીકલ માટે યુવાનો આવ્યા હતા. ત્યારે પ્રેકટીસમાં આવેલા યુવાનોની સાથે ગામના અને પોલીસ હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા દિગ્વિજયસિંહ રાઠોડ પણ હતા. પ્રેકટીસ પુરી થયા બાદ તેઓને ગ્રાઉન્ડમાંથી આશરે રૂ.૨૫ હાજરની વીટી મળી આવી હતી. પરંતુ ગ્રાઉન્ડ ખાતે મોટીસંખ્યામાં યુવાનો હોવાથી વીટી કોની હશે તે કહેવું મુશ્કેલ હતું. ત્યારે દિગ્વિજયસિંહે પોતાની આગવી કોઠા સુઝથી વીટીંના મુળ માલિક ખેમચંદભાઈ સોલંકીને શોધી કાઢીને વીટી પરત કરી જવાને ઈમાનદારીનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું હતું.

સમર્પણ કોલેજમાં કાનૂની સહાયતા શિબિર યોજાઈ

ગાંધીનગર, તા. ૩૧

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં કાનૂની સહાયતા શિબિર તથા સામાજીક ન્યાય અંતર્ગત કાર્યક્રમ યોજાયો હતો.જેમાં અશ્વિનસિંહ વાઘેલા (એડવોકેટ), ડૉ. પંકજ પંડ્યા (કોલેજના પ્રિન્સિપાલ), ક્રિશ્નાબા વાઘેલા તથા સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજના પ્રિન્સિપાલ ભાલચંદ્ર પરમાર હાજર રહ્યા હતા. આ જાહેર વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓને કાનૂની સલાહ તથા માહિતી આપવામાં આવી હતી.

ગાંધીનગર ખાતેના એરફોર્સ સ્ટેશન દ્વારા "રન ફોર યુનિટી" યોજાઈ

ગાંધીનગર, તા. ૩૧

દેશની આઝાદીના ૭૫ વર્ષ નિમિત્તે "આઝાદીનો અમૃત મહોત્સવ"ની ઉજવણીને આગળ વધારીને ગાંધીનગર સ્થિત દક્ષિણ પશ્ચિમી એર કમાન્ડ (યુનિટ)ના હેડકવાર્ટર્સ દ્વારા તા. ૩૧ ઓક્ટોબરના રોજ ગાંધીનગરમાં આવેલા વાયુ શક્તિનગર ખાતે ૭.૫ કિમીની એકતા દોડનું આયોજન કરવામાં આવ્યું હતું. દક્ષિણ પશ્ચિમી એર કમાન્ડના એર ઓફિસર કમાન્ડિંગ-ઈન-ચીફ એર માર્શલ વિક્રમસિંહના હસ્તે આ કાર્યક્રમનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો.

શેરી ગરબા સ્પર્ધાના પરિણામો જાહેર

ગાંધીનગર, તા.૩૧

ઈન્દુમતિ ફાઉન્ડેશન અને ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ

ન્યુઝ ચેનલ તસવીરે ગાંધીનગર દ્વારા આયોજિત શેરી ગરબા હરીફાઈના પરિણામો તાજેતરમાં જાહેર કરવામાં આવ્યા હતા. આ વખતે ઘણા વર્ષો બાદ શેરી ગરબામાં આ વખતે શહેર વાસીઓએ જબરદસ્ત પ્રતિસાદ આપ્યો હતો. ગાંધીનગર કોર્પોરેશનના નવા સીમાંકન વિસ્તારમાં આયોજિત આ શેરી ગરબા હરીફાઈમાં કુલ ૩૫ સોસાયટીઓએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ સ્થાને સેક્ટર-૨૨ શ્રેયસ સોસાયટી, દ્વિતીય સ્થાને શ્યામા પ્રસાદ મુખર્જી નગર-કુડાસણ, તૃતીય સ્થાન પર શાલીન-૪ સોસાયટી વિજેતા થયા હતા. સાથે શ્રીરંગ એન્તાયાર સોસાયટી રાયસણ અને સેક્ટર-૭ એ ને વિશેષ કેટેગરીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. વિજેતા સોસાયટઓને ઈંદુમતિ ફાઉન્ડેશન દ્વારા ખાસ રીતે તૈયાર કરવામાં આવેલ સર્ટિફિકેટ આપવામાં આવ્યું હતું, જ્યારે તસવીરે ગાંધીનગર તરફથી વિજેતા ટ્રોફી, તુલસી કુંડા આપવામા આવ્યા હતા. સાથે એસોસિયેશન ફોર સોશિયલ વેલ્ફર ઍન્ડ ઘ્રીટ્રીઘ્રૈંઘ્રીહં એ એસ ડબલ્યુ ડી દ્વારા ૨૦ લીટર પાણીના જગ આપવામાં આવ્યા હતા. ઈંદુમતિ ફાઉન્ડેશન અને ગાંધીનગરની પ્રથમ હિન્દી વેબ ન્યુઝ ચેનલ 'તસવીરે ગાંધીનગર' દ્વારા વિજેતા સોસાયટીના રહીશોને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. તેમજ શેરી ગરબાના તમામ આયોજકોનો આભાર માન્યો હતો.

રાજપૂત સમાજ ભવન ખાતે 'હેપ્પી જીવન યોગ સેમિનાર'નું સમાપન

સમાપન પ્રસંગે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે ઉપસ્થિત રહી યોગસેવક વિરમદેવ આર્યનું સન્માન કર્યું

ગાંધીનગર, તા. ૩૧

હેપ્પી યુથ ક્લબ અને શ્રી રાજપૂત સમાજ - ગાંધીનગર દ્વારા તા.૨૨ થી ૩૧ ઓક્ટોબર દરમ્યાન દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૩૦ કલાક દરમ્યાન સેક્ટર-૧૨માં શ્રી રાજપૂત ભવન ખાતે વિના મૂલ્યે "હેપ્પી જીવન યોગ સેમિનાર"નું આયોજન કરવામાં આવ્યું હતું. આ "હેપ્પી જીવન યોગ સેમિનાર"માં ગાંધીનગરના યોગ સેવક વિરમદેવ આર્ય દ્વારા વિના મૂલ્યે યોગ નિદર્શનની સેવા પૂરી પાડવા બદલ ગાંધીનગર મહાનગર પાલિકાના નવનિયુક્ત ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે શ્રી રાજપૂત સમાજના મહામંત્રી પ્રદીપસિંહ બિહોલા અને ગુજરાત બિહોલા રાજપૂત સમાજના ઉપપ્રમુખ દિલીપસિંહ બિહોલા ઉપસ્થિત રહયા હતા.

"હેપ્પી જીવન યોગ સેમિનાર"ના સમાપન કાર્યક્રમમાં હેપ્પી યૂથ ક્લબના કોષાધ્યક્ષ ભાવના રામી દ્વારા ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલનું સ્વાગત કરવામાં આવ્યું હતું ત્યારબાદ પ્રેમલસિંહ ગોલના હસ્તે યોગ સેવક વિરમભાઈ ચૌહાણને પ્રશસ્તિ પત્ર, સ્વામી વિવેકનંદનું પુસ્તક તથા શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા. ડેપ્યુટી મેયરે જીવન યોગ સેમિનારને બિરદાવતા ગાંધીનગરમાં કોઈપણ સારી પ્રવૃત્તિને પ્રત્સાહન આપવામાં તેઓ હમેશ તૈયાર રહેશે તેવું જણાવ્યુ હતું. આ પ્રસંગે પ્રદીપસિંહ બિહોલાએ આ પ્રસંગે યોગ-પ્રાણાયામનું મહત્વ સમજાવ્યું હતું અને દિલીપસિંહ બિહોલાએ આભાર દર્શન વ્યક્ત કર્યું હતું. હેપ્પી જીવન યોગ સેમિનારમાં ભાગ લેનાર તમામ યોગાર્થીઓને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા. "હેપ્પી જીવન યોગ સેમિનાર"માં ભાગ લેનાર યોગાર્થીઓએ યોગ સેમિનારમાં ભાગ લેવાના કારણે તેમના આત્મ વિશ્વાસ, ધૈર્ય શક્તિ, સંકલ્પ શક્તિ, માનસિક શાંતિ, રચનાત્મક અભિગમ, શારીરીક અને આધ્યાત્મિક શક્તિ વગેરેમાં વધારો થયો હોવાનો તેમજ યોગ-પ્રાણાયામ દ્વારા વિવિધ શારીરિક રોગ તથા હતાશા-નિરાશા-તણાવ જેવી માનસિક તકલીફોમાં ફાયદો થયો હોવાનો દાવો કર્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧